પરિપત્ર

ક્રમાંક ચમન-૨/ ૨૨૦૨૩-૭૩ /૯૯/ ગ.
ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિની કચેરી,
ગુજરાત રાજય,ગાંધીનગર.
તારીખઃ- ૧૩-૧૨-૧૯૯૯

વિષયઃ- ઈન્ટર્નશીપ દા-સફરના ધોરણો બાબત.....

રાજયમાં આવેલ આ ખાતા હસ્તકની સરકારી અને સહાયક અનુદાન મેળવતી આયુર્વેદ મહા વિદ્યાલયોમાં કેન્દ્રીય આયુર્વેદ ચિકિત્સા પરિષદ દ્વારા સુચવાયેલ આયુર્વેદ સ્નાતક અભ્યાસક્રમ અંતર્ગત ૬ માસની ફરજીયાત ઈન્ટર્નશીપ દરમ્યાન ઈન્ટર્નીઓની અનુકૂળતા ખાતર રાજયની વિવિધ હોસ્પીટલોમાં ઈન્ટર્નશીપ દા-સફર આપવાની પ્રથા અમલમાં છે. પરંતુ અનુભવે એવું જણાયુ છે કે અભ્યાસક્રમના આ અતિ મહત્વના ગાળા દરમ્યાન કલીનીકલ જ્ઞાનનો સારામાં સારો લાભ મળી શકે તેવી ઈન્ટર્નશીપ તાલીમ મેળવવામાં ઉદાસીનતા દાખવી, વિદ્યાર્થીઓ તદ્દન નાની અને અપૂરતી સુવિધાઓવાળી હોસ્પીટલોમાં દા-સફર આપવા અંગેની માંગણીઓ કરે છે. જેના પરિણામે જે તે આયુર્વેદ મહા વિદ્યાલયો સાથે સંલગ્ન હોસ્પીટલો કે જયાં બેડસાઈડ કલીનીકલો અને પુરતી સાધન સામગ્રીથી સુસજ્જ છે. તેવી હોસ્પીટલોમાં બહોળો અનુભવ મેળવવાને બદલે ફકત તાલીમ સમયની હાજરી પૂર્ણ કરવા ખાતરજ ઈન્ટર્નશીપ કરતા હોય તેવું માલુમ પડેલ છે. જેથી ઈન્ટર્નશીપનો સાચો હેતુ બર આવતો નથી. આયુર્વેદ તબીબી અભ્યાસક્રમ અને વૈદકીય પ્રાત્યક્ષીક જ્ઞાનના હિતમાં આ બાબતે જરુરી સુધારણા કરવાનું આવશ્યક જણાયેલ તેથી આ અગાઉ આ ખાતા દ્વારા ઈન્ટર્નશીપ દા-સફર અંગે નકકી કરાયેલ સંસ્થાઓ તથા નિ અંગે પુનઃ વિચારણાના અંતે આ પરિપત્રની તારીખથી નીચે મુજબની વિગતે ઈન્ટર્નશીપ દા-સફ આપવા અંગેના ધોરણો નકકી કરવામાં આવેલ છે. જેના હવે પછીથી અમલ કરવા જણાવવામ આવે છે.

(૧) ઈન્ટર્નશીપ દા-સફર માટે હવેથી ફકત આયુર્વેદ મહા વિદ્યાલયો સંલગ્ન નીચે જણાવેલ હોસ્પીટલો તથા અન્ય એક હોસ્પીટલમાંજ ઈન્ટર્નશીપ કરવાનું ફરજીયાત

૧. અખંડાનંદ સરકારી આયુર્વેદ હોસ્પીટલ , અમદાવાદ.
૨. સરકારી આયુર્વેદ હોસ્પીટલ,વડોદરા.
૩. સરકારી આયુર્વેદ હોસ્પીટલ,જુનાગઢ
૪. તાપીબાઇ સરકારી આયુર્વેદ હોસ્પીટલ, ભાવનગર.
૫. ગુલાબકુંવરબા આયુર્વેદ ચિકિત્સાલય, જામનગર.
૬. શ્રી પી.ડી.પટેલ આયુર્વેદ હોસ્પીટલ, નડીયાદ.
૭. શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી આયુર્વેદિક હોસ્પીટલ, સુરત.
૮. શ્રી રાજનારાયણ પીત્તી આયુર્વેદ હોસ્પીટલ, વડોદરા.
૯. શ્રી શેઠ ઓ.ગો.ક શાહ આયુર્વેદ હોસ્પીટલ લોદરા , જી.મહેસાણા.
૧૦. શ્રીમતી મણીબેન અમૃતલાલ હરગોવનદાસ સરકારી આયુર્વેદ હોસ્પીટલ, અમદાવાદ.

(૨) જે તે કોલેજોમાંથી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૧૦ ટકા ની મર્યાદામાં જ ટ્રાન્સફર અંગેના સંસ્થા છોડવા બદલના '' ના વાંધા પ્રમાણપત્ર'' આપી શકાશે.

(૩) ઇન્ટનશીપ ટ્રાન્સફર અંગે સંસ્થા છોડવા બદલનું '' ના વાંધા પ્રમાણપત્ર '' વિદ્યાર્થી જ્યાં અભ્યાસ કરતા હોય તે સંસ્થાના વડાએ પ્રથમ આપવુ અને ત્યારબાદ જે સંસ્થામાં ટ્રાન્સફર મેળવવી છે તે સંસ્થાના વડા પાસેથી '' ના વાંધા પ્રમાણપત્ર'' મેળવીને રજુ કરવાનુ રહેશે.

(૪) ઇન્ટનશીપ ટ્રાન્સફરના કેસમાં યુનિવર્સિટી પરિણામ જાહેર થયાના ૧૫-દિવસની અંદર ટ્રાન્સફરના કારણોની યોગ્યતા તપાસી ગુણવત્તાના આધારે''નાવાંધા પ્રમાણપત્ર' આપવાના રહેશે. અને તેમાં ટ્રાન્સફર આપવાના ધ્યાનમાં લીધેલ કારણોની સ્પષ્ટતા સાથે આપનો સ્પષ્ટ અભિપ્રાય આપવો ૧૫ દિવસની સમય મર્યાદા વિત્યા બાદ આવેલ ટ્રાન્સફર અંગેના '' ના વાંધા પ્રમાણપત્ર '' પર કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહી.

આ પરિપત્ર કોલેજ / હોસ્પીટલોના નોટીસબોર્ડ પર વિદ્યાર્થીઓની જાણ માટે મુકવા પણ સુચના આપવામાં આવે છે.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ અવશ્ય મોકલી આપવી.

નિયામક
ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

પ્રતિ,
૧. અધિક્ષકશ્રી , સર્વે સંબધિત હોસ્પીટલો.
નકલ રવાના:-
૨. આચાર્યશ્રી ,સર્વે સરકારી તથા સહાયક અનુદાન મેળવતી આયુર્વેદ મહાવિદ્યાલયો.
૩. રજીસ્ટ્રારશ્રી , ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
૪. નકલ સવિનય જયભારત સહ રવાના.
અગ્ર સચિવશ્રી ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ,
નવા સચિવાલય, ગાંધીનગર.

-5
-393-
-5-

From
To
Fax

નં. યજન-૨/ ૧૫૬-૭૪-૬૬/૨૦૮
ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિઓ
ગુજરાત રાજય,ગાંધીનગર.
તારીખ:-૨૨-૮-૨૦૦૫.

પરિપત્ર :-

વિષય:- ઈન્ટર્નશીપ ટ્રાન્સફર અંગે.

આ કચેરીના તા. ૧૩-૧૨-૯૯ ના પરિપત્ર નં. યજન-૨/૨૨૦૨૩-૪૩/૯૯/ગ, થી ઈન્ટર્નશીપ ટ્રાન્સફર માટેના ધોરણો નકકી કરવામાં આવેલ છે. ઈન્ટર્નશીપ ટ્રાન્સફર અંગે ઈન્ટર્નીઝ ડોકટરો દ્વારા સંબંધિત કોલેજ / હોસ્પિટલોના " ના વાંધા પ્રમાણપત્ર "| મેળવીને ટ્રાન્સફર અરજીઓ સાથે અત્રે રૂબરૂ આવે છે. આથી આ બાબતે પુન : વિચારણાને અંતે આ પરિપત્રની તારીખથી ઈન્ટર્નશીપ ટ્રાન્સફર અંગે વિદ્યાર્થીઓએ રૂબરુ નહીં આવતાં નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧) ઈન્ટર્નશીપ ટ્રાન્સફર માટે ઈન્ટર્નીઝ વિદ્યાર્થી જે કોલેજમાં અભ્યાસ કરતાં હોય તે કોલેજના આચાર્યશ્રીને ટ્રાન્સફર માટેના યોગ્ય કારણો સાથેની અરજી આપવાની રહેશે.

(૨) સંબંધિત કોલેજના આચાર્યશ્રીઓ / ઈન્ટર્નીઝ વિદ્યાર્થીની ઈન્ટર્નશીપ ટ્રાન્સફર માટેની અરજી મળ્યેથી આ માટેના કારણોનું વાજબીપણું ચકાસીને સંબંધિત કોલેજ / હોસ્પિટલના " ના વાંધા પ્રમાણપત્ર " મેળવવાના રહેશે.

(૩) "| ના વાંધા પ્રમાણપત્ર " મેળવીને કોલેજના જેટલા ઈન્ટર્નીઝ વિદ્યાર્થી ટ્રાન્સફર મેળવવા માંગતા હોય તે તમામ અરજીઓ એકત્રીત કરીને સંબંધિત આચાર્યશ્રીએ પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથેની દરખાસ્ત અત્રે કરવાની રહેશે. સંબંધિત વિદ્યાર્થીએ અત્રેની કચેરીનો સંપર્ક કરવાની જરૂરત રહેતી નથી.

(૪) સી.સી.આઇ.એમ. નવી દિલહીની તા. ૧૩-૧૦-૯૮ ની ગાઇડ લાઇન મુજબ અન્ય રાજયોના ઈન્ટર્નીઝ ડોકટરોને ટ્રાન્સફર મળવાપાત્ર નથી. જેથી આવા કેસોમાં " ના વાંધા પ્રમાણપત્ર " આપવા નહીં.

આ માટેની અન્ય શરતો યથાવત રહેશે.
આ પરિપત્ર કોલેજ / હોસ્પિટલના નોટીસ બોર્ડ ઉપર વિદ્યાર્થીઓની જાણ માટે મુકવાની રહેશે.
આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ અવશ્ય મોકલવી.

(ડૉ. એ.પી. સિંહ)
નિયામક,
ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ,
ગુજરાત રાજય, ગાંધીનગર

O/C
18/8

પ્રતિ,
આચાર્યશ્રી,
સર્વે સરકારી / સહાયક અનુદાન મેળવતી આયુર્વેદ કોલેજો
અધિક્ષકશ્રી,
સર્વે સંબંધિત હોસ્પિટલો
રજીસ્ટ્રારશ્રી,
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
નકલ સવિનય રવાના :-
અગ્રસચિવશ્રી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-3-

-391-

3

નં. યજન-૨/ ૧૬૮૭૯-૬૮ 10૬/૧

ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિનો કમિશ્નરશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તારીખ:-૧૧-૯-૦૬

પરિપત્ર:-

વિષય:- ઈન્ટર્નશીપ ટ્રાન્સફર અંગ.

આ કચેરીના તા.૧૩-૧૨-૧૯૯૯ના પરિપત્ર નં.યજન-૨/૨૨૦૨૩-૪૩/૯૯/ગ અને તા.૨૨-૮-૨૦૦૫ના પરિપત્ર નં. યજન-૨/૧૫૯૪૪-૬૬/૨૦૦૫-ગ થી ઈન્ટર્નશીપ ટ્રાન્સફર માટેના ધોરણો નકકી કરવામાં આવેલ છે. છતા તે નિયમોને ધ્યાને લઈને "ના વાંધા પ્રમાણપત્ર" માંગવામાં આવતા નથી. જેથી નીચે મુજબની સૂચનાને ધ્યાને લઈને અરજીઓ મોકલવા જણાવવામાં આવે છે.

(૧) ઈન્ટર્નશીપ ટ્રાન્સફરના કેસમાં યુનિવર્સિટી પરિણામ જાહેર થવાના ૧૫-દિવસની અંદર ટ્રાન્સફરના કારણોની યોગ્યતા તપાસી ગુણવત્તાના આધારે "ના વાંધા પ્રમાણપત્ર" આપવાના રહેશે.

(૨) જે તે કોલેજોમાંથી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૧૦૬ની મર્યાદામાં જ ટ્રાન્સફર અંગેના "ના વાંધા પ્રમાણપત્ર" આપવાના રહેશે.

(૩) સી.સી.આઈ.એમ.ની દિલ્હીની તા.૧૩-૧૦-૯૮ની ગાઈડ લાઈન મુજબ અન્ય રાજ્યોના ઈન્ટર્નીઝ ડોકટરોની ટ્રાન્સફર મળવાપાત્ર નથી. જેથી આવા કેસોમાં "ના વાંધા પ્રમાણપત્ર" આપવા નહી.

(૪) સંબંધિત કોલેજના આચાર્યશ્રીઓ /ઈન્ટર્નીઝ વિદ્યાર્થીની ઈન્ટર્નશીપ ટ્રાન્સફર માટેની અરજી મળ્યેથી આ માટેના કારણોનું વ્યાજબી પણ ચકાસીને જ "ના વાંધા પ્રમાણપત્ર" આપવાના રહેશે.

આ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

આ પરિપત્ર કોલેજ /હોસ્પિટલના નોટીસ બોર્ડ ઉપર વિદ્યાર્થીઓની જાણ માટે મુકવાની રહેશે.

વતી,
વર્ગ-૧ અધિકારી,
ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિ,
ગાંધીનગર.

9/10
9/10/06

પ્રતિ,
-આચાર્યશ્રી,
સર્વે સરકારી /સહાયક અનુદાન મેળવતી આયુર્વેદ કોલેજો.
-અધિક્ષકશ્રી,
સર્વે સંબંધિત હોસ્પિટલો
-રજીસ્ટ્રારશ્રી,
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,